

# પ્રકૃતિ સાથે
# એકરૂપ થવું

પૂજ્ય શ્રી ચારીજી મહારાજની
૯૮મી જન્મજયંતિ નિમિત્તે કાન્હા શાંતિ વનમ ખાતે,
તા.૨૪મી જુલાઈ, ૨૦૨૫ ના રોજ,
પરમ પ્રિય પૂજ્ય દાજીએ
આપેલ સંદેશ



# પ્રકૃતિ સાથે
# એકરૂપ થવું



પ્રિય મિત્રો,

## જતું કરવું, એ જ પ્રગતિ

આપણે જ્યારે એક બીજને જોઈએ છીએ, ત્યારે આપણે સત્ય જોતાં હોઈએ છીએ. એક બીજમાં એ બધું જ હોય છે, જેમાંથી વૃક્ષ, મૂળીયા, થડ, ડાળીઓ, પર્ણો અને ફૂલો વગેરે બને છે. પરંતુ તે માટે તેણે પોતાના રક્ષણાત્મક કવચને હટાવવું પડે છે. જીવનની શરૂઆત ત્યારે જ થાય છે કે જ્યારે તમે જતું કરો.

પ્રકૃતિ તરફથી મળતો આ પહેલો બોધપાઠ છે: જતું કરવું, એ જ પ્રગતિ છે.

તે બીજનાં માતૃ-વૃક્ષને આ ખબર છે. જ્યારે વસંત આવે છે, ત્યારે તે વૃક્ષ કંઈ પર્ણોને પકડી રાખતું નથી. તે પર્ણોને ગૌરવભેર જવાં દે છે કે જેથી નવી વૃદ્ધિને અવકાશ મળે. આપણે મોટે ભાગે ભૂલી જતાં હોઈએ છીએ, પરંતુ વૃક્ષ એ જાણે છે કે મજબૂતાઈથી પકડી રાખવું, એટલે જીવનને આગળ વધતું અટકાવવું.

એક માતૃ-હૃદય પણ એ બાબત જાણતું જ હોય છે. નવ મહિના સુધી બંને હૃદય એક તરીકે ધબકતાં હોય છે. તે પછી જન્મ સમય આવે છે, જે જતું કરવાનું એક પ્રેમાળ કૃત્ય હોય છે. માતા તેને જતું કરે છે કે જે પોતાના અસ્તિત્વના જ એક ભાગ રૂપે હતું અને તે જતું કરવાનું એટલાં માટે નહીં કે તે બાળકને પ્રેમ નથી કરતી, પરંતુ એટલાં માટે કે તે બાળકને અત્યંત પ્રેમ કરે છે. એક સમયે જેઓ એક હતાં, તેઓ હવે બે છે અને બંને હંમેશ માટે એકમેકને પ્રેમ કરી શકે છે.

## પ્રેમનું ચક્ર

આ ત્રણ સત્યો એક અનંત ચક્રની રચના કરે છે.

1. જતું કરવું, એ જ પ્રગતિ છે.
2. વૃદ્ધિ દ્વારા પ્રેમ પોતાને પ્રસ્ફૂરિત કરે છે.
3. પ્રેમ કરવો, એટલે નિયંત્રણ જતું કરવું.

જે રીતે શ્વાસોચ્છવાસમાં શ્વાસ, ઉચ્છવાસ તરફ અને ઉચ્છવાસ, શ્વાસ તરફ દોરી જાય છે, તેમ એક બાબત, તે પછીની બાબત તરફ દોરી જતી હોય છે. આ રીતે જ જીવન આગળ વધતું હોય છે.

આપણે જ્યારે એક ગીત કે એક ચિત્ર કે એક સંબંધ જેવું કંઈ પણ સર્જન કરતાં હોઈએ છીએ, ત્યારે આપણે તે દ્વારા પ્રેમ જ પ્રદર્શિત કરતાં હોઈએ છીએ. કંઈક નવું કરવાની તીવ્ર ઈચ્છા, એ પ્રેમની પોતાની પ્રદર્શિત થવાની કે અન્યો સુધી પહોંચવાની જરૂરીયાતમાંથી જ આવે છે. પ્રેમે પોતાની જાતને 'બીગ બેંગ'(શ્રુષ્ટિનું સર્જન થયું, ત્યારે થયેલ વિસ્ફોટ) સહિત ઘણી બધી રીતે પ્રદર્શિત કરી છે, પ્રેમ વિકાસ કરાવે છે.

ચારીજી કહેતા હતા કે, 'પ્રેમ એ જીવનનું ચાલક બળ છે.'



આપણે જ્યારે એક ગીત કે એક ચિત્ર કે એક સંબંધ જેવું કંઈ પણ સર્જન કરતાં હોઈએ છીએ, ત્યારે આપણે તે દ્વારા પ્રેમ જ પ્રદર્શિત કરતાં હોઈએ છીએ. કંઈક નવું કરવાની તીવ્ર ઈચ્છા, એ પ્રેમની પોતાની પ્રદર્શિત થવાની કે અન્યો સુધી પહોંચવાની જરૂરીયાતમાંથી જ આવે છે.

## એક વિરોધાભાસ

અહીં એક મોટો વિરોધાભાસ છે: તમારે કોઈને પણ ખરેખર પ્રેમ કરવા માટે, તેમને જતાં કરવાં પડે છે. પ્રથમદર્શી રીતે તો એવું જ લાગે છે કે આવું તો ના થઇ શકે. આપણે પ્રેમ પણ કરીએ અને સાથે સાથે તેમને જતાં પણ કરીએ, એવું કેવી રીતે કરી શકીએ?

પરંતુ આ વિચારી જુઓ: એક ગુલાબની કળીને રક્ષણ આપતાં આવરણો જો ખૂલે જ નહીં, તો શું ગુલાબનું પુષ્પ ખીલી શકે ખરું? એક કોશેટો જો તેનાં તંતુઓને જતાં ના કરે, તો શું એક પતંગિયું બહાર આવી શકે ખરું? જો હૃદયોએ કોઈ ચોક્કસ ધોરણોનું પાલન કરવાનું હોય, તો તેઓ પરસ્પર નજીક આવી શકે ખરાં?

સાચા પ્રેમને કોઈ અપેક્ષાઓ કે માંગણીઓ કે બંધનો નથી હોતાં. તે મુક્ત હોય છે. સાચો ત્યાગ, એ ઉદાસીન થઇ રહેવું, એ નથી; તે ત્યાગનો પ્રેમ એટલો બળવાન હોય છે, કે તે પોતાનાં બનાવવાને બદલે મુક્ત કરે છે.

આપણે ઘણી વાર પ્રેમને આસક્તિ અને આસક્તિને પ્રેમ સમજવાની ભૂલ કરતાં હોઈએ છીએ. પરંતુ આસક્તિ એ પ્રેમે પહેરેલ પોષાક છે, જે આપણને ડરાવે છે. તે પીંજરા બનાવે છે અને તેને સાચવણીનું નામ આપે છે. તે લોકોને પરાધીન બનાવે છે અને તેને ભક્તિનું નામ આપે છે.

આ બાબતે એક છોડ વધારે સમજુ છે. તે જાણે છે કે પવન તેની સુવાસને દૂર લઇ જશે. તે જાણે છે કે તેનાં ફળો પણ છેવટે પડી જ જશે. આમ છતાં તે છોડ તેનો પ્રતિકાર નથી કરતો. તે મોટો ને મોટો થતો જાય છે. વિકસિત થવાનો, સ્વતંત્રતા આપવાનો તથા વધારે જીવંત બનાવવાનો તેનો સ્વભાવ છે.

## માનવ બનવાનો પડકાર

આપણે માનવીઓ તરીકે આપણી પસંદગીઓ નક્કી કરી શકીએ છીએ અને આપણા વિષે સભાનતા કેળવી શકીએ છીએ. જોકે અહંકાર આપણને 'હું' અને 'મારું' એવી લાગણી કરાવડાવે છે, જે આપણને ચીજ-વસ્તુઓ તરફ જકડી રાખે છે અને તેના દ્વારા જ આપણી ઓળખ પ્રસ્થાપિત કરાવે છે. શ્રદ્ધાનો અભાવ પણ આપણને ભવિષ્યની સલામતી માટે સંગ્રહ કરવા પ્રેરે છે.

આ બંધનો ત્યારે તૂટે છે, જ્યારે આપણે ધ્યાન કરીએ છીએ અને આપણે આપણા વિચારો અને લાગણીઓ પ્રત્યે વધારે સભાનતા કેળવીએ છીએ. આપણે શું સત્ય છે અને શું સત્ય નથી, તે બંને વચ્ચેનો તથા શું શાશ્વત છે તથા શું શાશ્વત નથી, તે બંને વચ્ચેનો તફાવત કરતાં શીખીએ છીએ.

આ બદલાવ, એ પ્રેમમાં થતું અને પ્રેમનું કૃત્ય છે.

## લાલાજીનાં જીવનચરિત્રમાંથી

આપણા આદિગુરુ શ્રી લાલાજી મહારાજ, એ પ્રેમાળ અનાસક્તિનું એક શ્રેષ્ઠ ઉદાહરણ હતા. દાખલા તરીકે, એક સમૂહ-ધ્યાનના સત્ર દરમિયાન જ્યારે તેમને તેમની પુત્રીના અવસાનના સમાચાર મળ્યા, ત્યારે તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

તે સમયે, એક સંત વ્યક્તિએ પ્રશ્ન કર્યો, "એક સંત વ્યક્તિ કેવી રીતે રડી શકે?" તેઓ રડી શકે, કારણ કે તેઓને તેણીની દરકાર હતી.

લાલાજી થોડી વાર મૌન રહ્યા, પછી થોડાં સુકા પાંદડા લીધા અને તેને મસળી કાઢ્યાં. તે વખતે પાંદડા ભાંગવાનો અવાજ આવ્યો. તેમણે કહ્યું, "જ્યારે મસળવામાં આવે છે, ત્યારે સુકા પાંદડા પણ અવાજ કરે છે." જ્યારે "હું તો એક જીવતો-જાગતો માણસ છું. જ્યારે પરસ્પર જોડાયેલા ભાગો છૂટાં પડે છે, ત્યારે અવાજ આવવો સ્વાભાવિક છે."

તેમણે આગળ જણાવ્યું, "લોકો સ્વાભાવિક રીતે જ – મુક્ત હોય કે નાં હોય – છતાં પ્રેમ, સંભાળ અને જોડાણ અનુભવતા જ હોય છે." આપણે માનવમાંથી દયાવાન અને તે પછી દિવ્ય બનીએ છીએ. જેમ જેમ આપણી ક્રમિક ઉન્નતિ થતી જાય છે, આપણે શ્રુષ્ટિની વાસ્તવિકતાઓથી અલગ થવાને બદલે, તેની સાથે એકરૂપ થતાં જઈએ છીએ.



આપણે માનવમાંથી દયાવાન અને તે પછી દિવ્ય બનીએ છીએ. જેમ જેમ આપણી ક્રમિક ઉન્નતિ થતી જાય છે, આપણે શ્રુષ્ટિની વાસ્તવિકતાઓથી અલગ થવાને બદલે, તેની સાથે એકરૂપ થતાં જઈએ છીએ.

## ખોટો માર્ગ

આપણે પ્રેમ વગર જ અનાસક્ત બનવા બાબતે ધ્યાન રાખવાની જરૂર છે. તે શુષ્ક અને દૂરની બાબત છે તથા આધ્યાત્મિક દ્રષ્ટિએ તેની કોઈ જ કિંમત નથી. તે એક એવા માણસ જેવું છે, જે કહેતો હોય કે તે બ્રહ્મચારી છે, પણ તે કોઈની નજીક રહી શકતો નથી. આ પ્રકારનું અંતર તેની ભાવનાત્મક અસ્થિરતાને કારણે આવે છે, શાણપણને કારણે નહીં.

પૂર્ણ અનાસક્તિ અત્યંત બળવાન, એવા પ્રેમથી જ આવે છે કે જેને કંઈ ગુમાવવાની કે કંઈ મેળવવાની બિલકુલ પડી નથી હોતી. તે બિલકુલ ભાવનાત્મક નિર્ભરતા વગર જ પોતાનો ભાગ ભજવે છે. તે આસક્તિ રાખ્યા વગર જ, કોઈ પણ જાતના આકર્ષણ કે જોડાણ વગર જ, સામીપ્ય કેળવે છે.

આવા પ્રેમાળ અંતરને આપણે કેવી રીતે જાળવી શકીએ? મારી પાસે એક જ જવાબ છે: સમજશક્તિ દ્વારા અને અભ્યાસ દ્વારા.

નાની નાની શરૂઆત કરો. જેમ કે કોઈ ઘરેણું અથવા ચિત્ર, જેવું કંઈક કિંમતી હાથમાં રાખો. તેના માટે આભાર દર્શાવો. શું તેને ગુમાવવાની તમને કોઈ ચિંતા થાય છે, તે વિશે વિચારો. હવે તમે તેને છોડી રહ્યા છો, એમ જાણીને તમારી પકડ ઢીલી કરવા માંડો. તેને બંધ મુઠ્ઠીથી પકડવાને બદલે, તેને ખુલ્લી હથેળીમાં રહેવા દો. કોઈ એક વસ્તુની કિંમત કરવી અને તેની માલિકી હોવી, તે બંને વચ્ચે શું તફાવત છે, તે સમજો.

હવે, સંબંધો વિષે વિચારો. ડર, જરૂરિયાત કે અપેક્ષાને કારણે જ્યારે તમે કોઈ સંબંધને ખૂબ સજ્જડ રીતે પકડી રાખતાં હોવ છો, તે વિશે વિચારો. બીજા લોકોની સ્વતંત્રતાને સન્માન આપતા શીખો. તેમનાથી દૂર થઈ જઈને નહીં  કે તેમનાથી

ભાગી જઈને પણ નહીં, પરંતુ તેને બિનશરતી પ્રેમ કરીને. પછી તમે જોઈ શકશો કે સ્વતંત્રતા આપવાથી વાસ્તવિક સંબંધો નબળા થવાને બદલે કેવા મજબૂત બને છે.

છેવટે, આ પ્રયોગ તમારા પર પણ કરો. વિચારો કે તમે પણ તમારી ઓળખ, તમારો ભૂતકાળ, તેમજ તમારા જખમોને કેવા મજબૂત રીતે પકડી રાખ્યા છે તમારા જૂના દ્રષ્ટિકોણને બદલવાની ટેવ પાડો. જે તમને મદદરૂપ ન હોય, તેને છોડવા માંડો, એટલાં માટે નહીં કે તમે તમારી જાતને નફરત કરો છો, પરંતુ એટલા માટે કે તમે તમારી જાતને પ્રેમ કરો છો.

## પ્રકૃતિનો દયાભાવ

જો તમે લાંબા સમય સુધી એક નદી પાસે ઊભા રહેશો, તો તે તમને બધું જ શીખવશે. પાણીની ગતિ જુઓ. નદી ક્યારેય તેને સ્પર્શતા ખડકોને અથવા કાંઠાને પકડી રાખતી નથી. નદી ક્ષણેક્ષણ બધું આપતી જ હોય છે, પરંતુ પોતે તેવી ને તેવી જ રહેતી હોય છે. તે પોતાનું સર્વસ્વ સતત આપતી રહે છે અને સમુદ્રમાં જઈ ભળે છે.

પણ પ્રકૃતિ તો તેનાથી પણ વધારે શીખવે છે. આ વિશે વિચારો: એક નારંગીનું ઝાડ નારંગી આપવાના બદલામાં કંઈ દરરોજ સવારે નારંગીનો રસ માંગતું નથી. કેરીનું ઝાડ ક્યારેય કેરીના રસની માંગ નથી કરતું. આવા વૃક્ષો સૌથી સાદી વસ્તુઓને સૌથી મીઠી ભેટમાં ફેરવે છે. તેઓ ફક્ત વનસ્પતિઓનો કચરો ખાય છે, પાણી પીવે છે અને સૂર્યપ્રકાશનો ઉપયોગ કરે છે.

ગાય આપણને દૂધ આપવાના બદલામાં કંઈપણ પાછું માંગતી નથી. તે માત્ર ઘાસ અને ઘાસ જ ખાય છે! પરંતુ આપણામાંના કેટલાક તો ગાયને જ  આખીને આખી ખાઈ જાય છે અને આમ નિઃસ્વાર્થ સેવા કરનારાઓને પેટમાં દફનાવી, પેટને કબ્રસ્તાન બનાવે છે.

આમાંથી આપણે શું શીખી શકીએ? આપણે સૌથી શ્રેષ્ઠ ખાઈએ છીએ પણ આપણે પાછું શું આપવું જોઈએ? મેં મારા સાથીઓને આ પ્રશ્ન પર વારંવાર વિચાર કરવા પ્રેર્યાં છે.

મેં હંમેશાં વિચાર્યું છે કે દિવ્ય ઘટમાળ જ એક એવી બાબત છે, કે જે વૃદ્ધિ પામવી, પ્રેમ કરવો અને સ્વતંત્રતા આપવી, એ ત્રણ જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે. કુદરતનો આધાર જ પ્રેમ પર છે, કુદરત કંઈ માંગતી નથી અને બધું આપતી રહે છે. પ્રેમભરી અનાસક્તિનું આ સર્વોચ્ચ સ્વરૂપ છે.



મેં હંમેશાં વિચાર્યું છે કે દિવ્ય ઘટમાળ જ એક એવી બાબત છે, કે જે વૃદ્ધિ પામવી, પ્રેમ કરવો અને સ્વતંત્રતા આપવી, એ ત્રણ જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે. કુદરતનો આધાર જ પ્રેમ પર છે, કુદરત કંઈ માંગતી નથી અને બધું આપતી રહે છે. પ્રેમભરી અનાસક્તિનું આ સર્વોચ્ચ સ્વરૂપ છે.

પ્રકૃતિનો આ શાંત સંદેશ પ્રેમભરી અનાસક્તિ વિષેનો છે, તે એટલો મૂળભૂત છે કે તેને ઘણીવાર અવગણવામાં આવે છે.

વાદળ પાણી ભેગું કરે છે અને ભારે થઈ જાય છે, પછી તે બધું છોડીને વરસી પડે છે. શું તે નાનું થઈ જાય છે? ના. તે બદલાય છે, તે હળવું થાય છે અને વળી પાછું આકાશમાં ફરતું રહે છે. વરસાદ નદીઓમાં ફેરવાય છે, નદીનું પાણી બીજને પોષે છે અને પછી ફરીથી પાણી વરાળ બને છે અને વાદળો બને છે.

તમારો શ્વાસ પણ આ શીખવે છે. જ્યારે તમે શ્વાસ બહાર કાઢો છો, ત્યારે તમે કંઈક છોડી દો છો; જ્યારે તમે શ્વાસ લો છો, ત્યારે તમે કંઈક અંદર લો છો. જો તમારા શ્વાસને કાયમ માટે રોકી રાખવાનો પ્રયાસ કરશો, તો જિંદગી પોતે જ વિરોધ કરશે. ક્યારેક મન ભૂલી જાય છે, પણ શરીર યાદ રાખે છે: પકડી રાખવું અને છોડી દેવું એ જીવન-નૃત્યના બે ભાગ છે.

## પ્રકૃતિનો માર્ગ સરળ છે – સહજ માર્ગના દસ નિયમો પૈકીનો ચોથો નિયમ

“પ્રકૃતિ સાથે એકરૂપ થવા માટે સાદા અને સરળ બનો.” –બાબુજી.

જીવનમાં આ સિદ્ધાંતને અમલમાં મૂકવો, એ ઉન્નતિનો સૌથી ઝડપી માર્ગ છે.

પ્રકૃતિ એટલે જ સરળતા. ‘પરમતત્વ’માં સરળતા હતી જ, પણ તેનું હજુ સંપૂર્ણ સ્વરૂપ બન્યું નહતું. આ કુદરતની પોતાની જીવનશક્તિ છે, એક એવું સ્થાન, જ્યાંથી બધી જ પ્રવૃત્તિઓની શરૂઆત થાય છે તથા જે સાચા અર્થમાં ‘આદિ’ છે. જીવનમાં સરળતા પ્રાપ્ત કરવાનો એકમાત્ર રસ્તો, બધી જટિલતાઓને દૂર કરવાનો છે.

પરંતુ આપણે લોકોએ જ આવી સરળ વસ્તુને વધારે જટિલ બનાવી છે. વિચારો, ઇચ્છાઓ અને કાર્યોનું એક જાળું બનાવ્યું છે, જે કુદરતના પ્રવાહની વિરુદ્ધ છે. એક જાણકાર મનુષ્ય ખુલ્લી હવામાં ચાલવાની સલાહ આપે છે, અને બીજો ખુલ્લી હવામાં શરદી થઈ જશે તેવી ચેતવણી આપે છે. એક કહે છે કે પૈસા કમાઓ, જ્યારે બીજાં કેટલાંક અલગ રસ્તા અપનાવવાં માટે કહે છે. બાબુજી કહે છે કે આપણે વિરોધાભાસી વૃત્તિઓ એકઠી કરી લીધી છે.

નારંગીના ઝાડને આવી કોઈ સમસ્યાનો સામનો નથી કરવાનો હોતો. ફળ આપવું કે નહીં તે વિશે પણ તે વિચારતું નથી. દૂધ ઉત્પન્ન કરવું કે નહીં તે વિશે ગાય વિચારતી નથી. પ્રકૃતિની જેમ, તેમના અસ્તિત્વમાં સંપૂર્ણ સરળતા છે.

આપણા માટે એ જરૂરી છે કે આપણે પોતે બનાવેલા માળખાને તોડીને 'કુદરતનાં મૂળ સ્વરૂપ, એવી સુષુપ્ત શક્તિને ફરીથી પ્રાપ્ત કરીએ.' જો આપણે કુદરતનું અનુકરણ કરવા માંગતા હોઈએ, તો આપણે આપણી ક્રિયાઓને સતતપણે સુધારતાં રહેવું પડશે, બિનજરૂરી કાર્યોને દૂર કરવા પડશે અને અતિશુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવા માટે આપણા માળખાઓને તોડી નાખવા પડશે.

આ વ્યવહારમાં પ્રેમાળ અનાસક્તિ બાબતે છે. તે વધારે આધ્યાત્મિક અભ્યાસ કરવા બાબતે નથી; પરંતુ તે જરૂરી ન હોય તેવી દરેક બાબતને દૂર કરવા વિષે છે. જેમ પાનખરમાં એક વૃક્ષ તેના પાંદડા છોડી દે છે, તેમ આપણે પણ આપણા દ્વારા બનાવેલા માળખાઓને છોડતાં શીખવાની જરૂર છે. આપણે એક એવી સરળ જીવનશૈલી તરફ પાછા ફરવાની જરૂર છે કે જે પ્રકૃતિ સાથે સુસંગત હોય. આપણે જેમાં વ્યસ્ત રહીએ છીએ, તેની 'જરૂરિયાત' અંગેના આ પાસા પર ચિંતન કરો.



જો આપણે કુદરતનું અનુકરણ કરવા માંગતા હોઈએ, તો આપણે આપણી ક્રિયાઓને સતતપણે સુધારતાં રહેવું પડશે, બિનજરૂરી કાર્યોને દૂર કરવા પડશે અને અતિશુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવા માટે આપણા માળખાઓને તોડી નાખવા પડશે.

# અંતિમ સત્ય

આ અંતિમ સત્ય તેમાં છે, જ્યારે એક નારંગીનું ઝાડ બદલામાં કંઈ પણ માંગ્યા વિના માટી, પાણી અને સૂર્યપ્રકાશને મીઠાશમાં ફેરવે છે. જ્યારે એક ગાય ઘાસ ખાય છે, પણ બદલામાં કંઈ અપેક્ષા રાખ્યા વગર તેને આપણા ખોરાકમાં રૂપાંતરિત કરે છે. આ બધી દિવ્ય ઘટમાળ છે, જે તેના વિશે વિચાર્યા વિના આપ્યાં કરે છે.

સર્વશ્રેષ્ઠ ખોરાક ખાનારાં, આપણે લોકો પણ ઘણીવાર આ મૂળભૂત નિયમ ભૂલી જઈએ છીએ. આપણે નારંગીની મીઠાશ, ગાયનું દૂધ અને પૃથ્વીની વિપુલ સંપત્તિ લઈએ છીએ, પણ આપણે તેના બદલામાં પાછું શું આપીએ છીએ? આ પ્રશ્ન પર વિચાર કરીને આપણે શરમિંદા થવું જોઈએ અને આપણો સાચો હેતુ કયો છે, તે તરફ આપણું ધ્યાન દોરાવું જોઈએ.

મોટી સમસ્યા પોતાની મેળે દૂર થઈ જાય છે: જ્યારે આપણે જતું કરીએ છીએ, ત્યારે આપણે વધુ મેળવીએ છીએ. સંબંધોમાં આપણે જેટલી વધુ સ્વતંત્રતા આપીએ છીએ, તેટલા જ પ્રમાણમાં આપણા સંબંધો વધારે મજબૂત બને છે. જ્યારે આપણે જતું કરીએ છીએ, ત્યારે આપણે ઉન્નત થઈએ છીએ.

અહીં કોઈ આયોજન કે પ્રયુક્તિ નથી. પ્રેમ આ રીતે જ કાર્ય કરે છે અને દિવ્ય ઘટમાળ આ રીતે જ ચાલતી રહે છે. પ્રેમ કોઈ બંધ પ્રણાલી નથી; તે એક ખુલ્લો પ્રવાહ છે. તે હવા, પાણી અને પ્રકાશની જેમ ગતિમાન હોય છે – હંમેશાં ગતિ-યુક્ત હોય છે.

જ્યારે આપણે આ દિવ્ય ઘટમાળને અનુસરીએ છીએ અને બદલામાં કંઈપણ અપેક્ષા રાખ્યા વિના આપીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે પ્રેમાળ અનાસક્તિ એ કંઈ આપણે કરીએ છીએ, એ નથી; તે આપણે જે છીએ, તે છે.

## સ્વીકૃતિ

છેવટે, આપણે પ્રેમાળ અનાસક્તિનો અભ્યાસ કરતા નથી; આપણે માત્ર જણાવીએ છીએ કે આપણે તે કરીએ છીએ. આપણે એકબીજાથી દૂર જવાનો પ્રયાસ કરતા અલગ અલગ અસ્તિત્વો નથી. જીવન સતત બદલાતું રહે છે, જતું કરવું અને ફરી તેનાં જ નવા સ્વરૂપોને પ્રેમ કરવો.

સમગ્ર સૃષ્ટિ તમારા પ્રત્યેક શ્વાસોચ્છવાસ વખતે તમને પ્રેમ કરે છે. જ્યારે પણ તમે તમારા ભૂતકાળને કે સ્વપ્નને કે ક્ષણને જતી કરો છો ત્યારે તમે જીવનના પ્રવાહની સાથે સુમેળ સાધો છો.

નદી જાણે છે કે તે સમુદ્રમાં પાછી ફરશે, વાદળ જાણે છે કે તે વરસાદ રૂપે પડશે, પછી તેની બાષ્પ થઇ તે સુકાઈ જશે અને પછી ફરીથી વાદળ રૂપે ઘનીભૂત થશે. બીજ જાણે છે કે પોતાની વૃદ્ધિ માટે તેણે પોતાનાં રક્ષણાત્મક કવચને તોડવું પડશે. આપણે આંતરિક સ્તરે એ પણ જાણીએ છીએ કે પ્રેમ કરવો એટલે જતું કરવું, અને પ્રેમપૂર્વક જતું કરવું, એટલે સ્વયં પ્રેમ બની જવું.

આપણે જ્યારે સરળતાના એ સ્તરે પહોંચીએ છીએ કે જ્યાં ભૂતકાળની છાપો નહીંવત થઇ જઈને, બધી ઇન્દ્રિયોનાં એકીકરણ જેવી અવસ્થા આવી જાય, ત્યારે જ આપણે આપણી જાતને દિવ્યતા સાથે લયબદ્ધ હોવાનું અને આપણું જીવન પ્રકૃતિની સરળ અને પ્રેમાળ ઘટમાળ સાથે સુમેળ વાળું સંપૂર્ણ જીવન છે, એવું વિચારી શકીએ.



પ્રેમ કોઈ બંધ પ્રણાલી નથી; તે એક ખુલ્લો પ્રવાહ છે. તે હવા, પાણી અને પ્રકાશની જેમ ગતિમાન હોય છે – હંમેશાં ગતિ-યુક્ત હોય છે.

## આમંત્રણ

આ શબ્દોને બહુ ગંભીરતાથી ન લો. તેમને તેમનું કામ પૂરું કરવા દો, પછી તેમને જવા દો. તે યાદ રાખવા જેવી બાબત નથી; તે વહેતા રહેવાનું આમંત્રણ છે.

જો તમને જતું કરવાનો ડર હોય, તો યાદ રાખો કે જતું કરવું, એ નવું જીવન લાવે છે, ખોટ નહીં. દરેક પરોઢ દર્શાવે છે કે બધાં અંત નવી શરૂઆતો તરફ દોરી જાય છે. દરેક શ્વાસોચ્છવાસ દર્શાવે છે કે છોડવાથી નવું મેળવવા માટેનો અવકાશ ઊભો થાય છે.

ખુલ્લા હૃદયથી પ્રેમ કરો; એટલા માટે નહીં કે તે આધ્યાત્મિક કે રમુજી છે, પરંતુ એટલા માટે કે તે એકમાત્ર રસ્તો છે કે જે રીતે પ્રેમ થાય છે. બંધ મુઠ્ઠી ફક્ત વસ્તુઓને પકડી રાખે છે. વિશ્વ ખુલ્લા હાથમાં હોય છે. નદી જે શીખવે છે, વાદળ જે દર્શાવે છે અને દરેક માતાનું હૃદય જે જાણે છે, તે એ છે કે પ્રેમ એટલે જતું કરવું અને જતું કરવાથી આપણે જે પ્રેમને શોધતા ફરીએ છીએ, તે પ્રેમ જ બની જઈએ છીએ.

આ જ બોધપાઠ છે. સરળ. થઈ ગયું. હંમેશ માટે.

પ્રેમ અને આદર સાથે,
કમલેશ.

પૂજ્ય શ્રી ચારીજી મહારાજની
૯૮મી જન્મજયંતિ નિમિત્તે કાન્હા શાંતિ વનમ ખાતે, તા.૨૪મી જુલાઈ, ૨૦૨૫

heartfulness
purity weaves destiny

